કોમ્પ્યુટર હાર્ડવેર/સોફ્ટવેર તથા અન્ય આનુષંગિક આઇ.ટી.ને સંબંધિત વસ્તુઓની ખરીદી બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃમકમ/૧૦૨૦૧૩/૧૯૮/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 2 9 NOV 2013

પરિપત્ર

રાજય સરકારના ઇ-ગવર્નન્સના ભાગ રુપે ખરીદવાના થતા કોમ્પ્યુટર હાર્ડવેર/સોફ્ટવેર તથા અન્ય આનુષંગિક આઇ.ટી.ને સંબંધિત વસ્તુઓની ખરીદી કરવા બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ધ્યાને લેવા આ વિભાગ હસ્તકના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓને આથી જણાવવામાં આવે છે.

(૧) સંબંધિત કચેરી ધ્વારા ખરીદવાની થતી સંબંધિત વસ્તુઓ અંગેની દરખાસ્ત સીંગલ ફાઇલથી આ વિભાગની આઇ.ટી.કમિટિની મંજુરી અર્થે આ વિભાગને રજુ કરવાની રહેશે.
(૨) આવી ખરીદી વિભાગની આઇ.ટી.કમિટિની મંજુરી મળ્યા બાદ કરવાની રહેશે.
(૩) આ વસ્તુઓની ખરીદી સાયન્સ અને ટેકનોલોજી વિભાગની પ્રવર્તમાન સુચનાઓ ધ્યાને લઇને તથા જી.આઇ.એલ. ધ્વારા માન્ય કરાયેલ રેટ-કોન્ટ્રાકટ વેન્ડર/સંસ્થા પાસેથી કરવાની રહેશે.
(૪) સદરહુ વસ્તુઓની ખરીદી અંગે સંબંધિત કચેરીએ પર્ચેઝ ઓર્ડર આપવાનો રહેશે.
(૫) સદરહુ ખરીદી અંગેના બિલના ચુકવણાની કાર્યવાહી સંબંધિત કચેરીએ કરવાની રહેશે.
(૬) આઇ.ટી.ને સંબંધિત સાધન-સામગ્રી ખરીદવા માટે સંબંધિત કચેરીએ આઇ.ટી.અંગેના ખર્ચ અને ચૂકવણા અંગેની કામગીરીસંબંધિત કચેરીએ કરવા માટે પોતાની કચેરીના અંદાજપત્રમાં જરુરી જોગવાઇ કરવાની રહેશે.
(૭) જે કિસ્સાઓમાં પાર્કિંગ ફંડ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ હસ્તક જમા હોય તેવા કિસ્સાઓમાં જે તે કચેરીએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સંકલનમાં ચૂકવણા અંગેની કાર્યવાહી કરવાનીરહેશે.

ઉકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા આ વિભાગ હસ્તકના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓને આથી જણાવવામાં આવે છે.

( અશોકસિંહ પરમાર )
ઉપસચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાનાઃ-

- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(P.T.O.)

- મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતું, ગાંધીનગર.
- હાઉસીંગ કમિશનરશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમીટેડ, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રી.
- વિભાગની સર્વે શાખાઓ .
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (હાઉસીંગ) ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.